


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૮ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૯, સોમવાર; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તર ભારત ઠુંઠુગાર : દ્રાસમાં માઈનસ ૨૮ ડિગ્રી

## મધ્યપ્રદેશમાં યલો વોર્નિંગ જાહેરત, દિલ્હીમાં તાપમાન ૩.૬ ડિગ્રી નોંધાયુ :દેશના ૧૫ રાજ્યોમાં તાપમાન ૫ ડિગ્રીથી ઓછુ નોંધાયું

નવી દિલ્હી,તા.૨૯

દેશનો ઉત્તર અને પૂર્વ ભાગ ઠંડીના કારણે થથરી રહ્યો છે. રવિવારે -૨૮ સેલ્સિયસ તાપમાન સાથે દ્રાસ દેશનો સૌથી ઠંડો ભાગ રહ્યો છે. પંજાબ, હરિયાણા, બિહાર, મધ્યપ્રદેશ, ઝારખંડ અને રાજસ્થાનમાં પણ થથરાવી દે તેવી ઠંડી પડી રહી છે. દિલ્હીમાં ૧૦૦ વર્ષ બાદ ડિસેમ્બર સૌથી ઠંડો મહિનો છે અને અહીંના હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે. મધ્યપ્રદેશના ૧૦ શહેરોમાં સામાન્ય તાપમાન ૫ સેલ્સિયસ નીચે રહ્યું છે. લેહમાં તાપમાન ઘટવાના કારણે સિંધુ નદી જામી ગઈ છે. રવિવારની સવારે દિલ્હીમાં સામાન્ય પારો ૩ સેલ્સિયસ રહ્યો હતો. જયપુરમાં તાપમાન ૩.૪ સેલ્સિયસ, ભોપાલ અને પટનામાં ૭ સેલ્સિયસ, રાંચીમાં ૬ સેલ્સિયસ નોંધાયું છે. ઘણી જગ્યાએ ખેતરો અને વાહનો પર બરફ જામી ગયો છે તો ઘણા શહેરોમાં સીવિયર કોલ્ડ ડે જાહેર કરી દેવાયો છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ૧ અને ૨ જાન્યુઆરીના રોજ બરફવર્ષા થશે, જેનાથી ઠંડી વધશે. જયપુરમાં ગત રાતે પારો ૩.૪ સેલ્સિયસ ઘટ્યો હતો. છેલ્લા દસ વર્ષની સૌથી ઠંડી રાત હતી. દિવસનું તાપમાન ૨૦.૩ સેલ્સિયસ રહેવાના કારણે ઠંડીથી રાહત મળી, પણ સાંજ પડતાની સાથે જ વધી ગઈ હતી. સીકરના ફતેહપુરમાં ગત રાતે પારો -૪




સેલ્સિયલથી વધીને ૦ સેલ્સિયસ પર આવી ગયો હતો. સાથે જ માઉન્ટ આબુમાં પારો -૧.૫ સેલ્સિયલથી -૦.૩ સેલ્સિયસ પર પહોંચી ગયો હતો. જોબનેરમાં પારો -૧ સેલ્સિયલ નોંધાયો હતો. રાજધાની ભોપાલમાં રવિવારે સવારનું સામાન્ય તાપમાન ૭ સેલ્સિયસ નોંધાયું છે. જે શનિવારની તુલનામાં ૫.૩ સેલ્સિયસ વધારે છે, પણ ઠંડી સતત ચાલું જ છે. રાજ્યના ૧૦ શહેરમાં સામાન્ય પારો ૫ સેલ્સિયસ નીચે રહ્યું હતું. ઉજ્જૈન, રીવા, સાગર, ગ્વાલિયર અને ચંબલમાં સીવિયર કોલ્ડ ડે જાહેર કરી દેવાયું છે. ઘણી જગ્યાઓએ શાળામાં રજા જાહેર કરી દેવાઈ છે, તો ઘણી જગ્યાએ સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શનિવારે બરેલી સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અહીંનું મહત્તમ તાપમાન ૮.૩ સેલ્સિયસ અને સામાન્ય તાપમાન ૩.૧ સેલ્સિયસ નોંધાયું હતું. બુલંદશહર, બાગપત, બિજનૌર, હાપુડમાં તાપમાન ૩ સેલ્સિયસ નોંધાયું છે. સાથે જ મથુરામાં ૨ સેલ્સિયસ સીતાપુર, બહરાઈચ, અમેઠી, આંબેડકરનગરમાં ૪ સેલ્સિયસ નોંધાયું હતું. પ્રયાગરાજમાં સામાન્ય તાપમાન ૨.૯ સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. ગોરખપુરમાં શનિવારે દિવસનું સૌથી ઠંડુ તાપમાન રહ્યું હતું, અહીંયા સામાન્ય તાપમાન ૫.૩ સેલ્સિયસ નોંધાયું હતું. શ્રીનગરમાં તાપમાન -૬.૨ સેલ્સિયસ નોંધાયું છે.

# દેશના યુવાનો અંધાધૂંધીથી નફરત કરે છે : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના માસિક કાર્યક્રમ મન કી બાતમાં કહ્યું હતું કે, દેશના યુવાનો અરાજકતા પ્રત્યે નફરત છે. તેમણે કહ્યું હુતં કે, દેશના યુવાનો અંધાધૂંધી અને અસ્થિરતાથી ચિડાઈ ગયા છે. છેલ્લા કેટલાક દિવસોથી સીએએને લઈને થયેલા હિંસક પ્રદર્શનોમાં વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કર્યા બાદ વડાપ્રધાનનું આ નિવેદન આ સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આવનાર દશકમાં ગતિ આપવા માટે તે લોકો સક્રિય ભૂમિકા ભજવશે જે લોકોનો જન્મ ૨૧મી સદીમાં થયો છે. જેઓ આ સદીના મહત્વપૂર્ણ પ્રશ્નોને સમજીને મોટા થયા છે. આવા યુવાનોને આજે ઘણા નામોથી ઓળખવામાં આવે છે. કેટલાક લોકો તેમને મિલેનિયલ કહે છે તો કેટલાક લોકો

● અનુસંધાન પાન-૭ પર

# દાદા સાહેબ ફાળકે એવોર્ડથી બીગ-બી સન્માનિત

નવી દિલ્હી, તા. ૨૯

બોલીવુડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને રવિવારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે એક

**રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે ફિલ્મ ઉદ્યોગમાં ઉલ્લેખનીય કાર્ય બદલ એવોર્ડ એનાયત**

કાર્યક્રમમાં દાદા સાહેબ ફાલ્કે એવોર્ડ એનાયત કર્યો હતો. અમિતાભ બચ્ચનને આ એવોર્ડ સ્વીકાર્યા તમામ તમામનો આભાર માન્યો હતો. અમિતાભ બચ્ચને કહ્યું હતું કે, દાદા સાહેબ ફાલ્કે એવોર્ડ આપવાની શરૂઆત લગભગ ૫૦ વર્ષ પહેલા થઈ હતી અને મને પણ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા લગભગ ૫૦ વર્ષ થઈ ચુક્યા છે. આ એવોર્ડની જાહેરાત સમયે મારા મનમાં એક વાત આવી હતી કે શું આ એવોર્ડ આપીને મને સંકેત આપવાનો છે કે, ભાઈ બસ કરો હવે બહુ કામ થઈ ગયું છે. આ વાતને લઈને ઉપસ્થિત તમામ લોકો હસી પડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ખરાબ તબિયતના કારણે અમિતાભ બચ્ચન સોમવારે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર કાર્યક્રમમાં સામેલ થઈ શક્યા ન હતા.

● અનુસંધાન પાન-૭ પર



# ઝારખંડના મુખ્યપ્રધાન તરીકે હેમંત સોરેનનો શપથવિધિ

**હેમંત સોરેનની સાથે સાથે કોંગ્રેસ અને આરજેડી સભ્યોના પણ શપથ : ઝારખંડના પૂર્વ મંત્રી રઘુવર દાસ પણ શપથ કાર્યક્રમમાં હાજર રહ્યા : રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, મમતા બેનર્જી સહિત ટોચના નેતાઓ પણ હાજર**

રાંચી, તા.૨૯

ઝારખંડમાં રવિવારે હેમંત શોરે પ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. હેમંત સોરેન ઝારખંડના ૧૧માં મુખ્યમંત્રી બન્યા હતા. હેમંત સોરેનની સાથે કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા આલમગીર આલમ



સોરેનને રાંચીના મોરહાબાદી મેદાનમાં રાજ્યપાલ દ્રૌપદી મુર્મૂએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. હેમંત સોરેન સહિત કોંગ્રેસ અને આરજેડીના પણ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા. ઝારખંડમાં જેએમએમ-કોંગ્રેસ-આરજેડી ગઠબંધન સરકારના વડા હેમંત અને પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ રામેશ્વર ઉરાંવે પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. રવિવારે આયોજિત હેમંત સોરેનના શપથ કાર્યક્રમ દરમિયાન મંચ પર વિપક્ષના તમામ ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. નવ સરકારના શપથ ગ્રહણ કાર્યક્રમમાં

● અનુસંધાન પાન-૭ પર




## મહારાષ્ટ્ર મંત્રીમંડળનું આજે વિસ્તરણ

નવીદિલ્હી, તા.૨૯

મહારાષ્ટ્ર મંત્રીમંડળનું વિસ્તરણ આવતીકાલે ૩૦મી ડિસેમ્બરે કરવામાં આવનાર છે. આવતીકાલે યોજાનાર કેબિનેટ વિસ્તરણમાં લગભગ ૩૬ મંત્રી શપથ લઈ શકે છે. જો કે, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે મંત્રીમંડળમાં તેમના સિવાય છ મંત્રીઓ છે. શપથ ગ્રહણ કાર્યક્રમ વિધાન ભવનમાં આયોજિત કરવામાં આવે તેવી સંભાવના છે. સુત્રોના જણાવ્યા અનુસાર કેબિનેટ વિસ્તરણમાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે ૨૮ કેબિનેટ મંત્રી અને ૮ રાજ્યમંત્રીનો સમાવેશ થઈ શકે છે. શિવસેના, એનસીપી અને કોંગ્રેસ ત્રણેય પાર્ટીઓની વચ્ચે થયેલી સત્તા સમજૂતિની ફોર્મ્યુલા અંતર્ગત શિવસેનાની પાસે મુખ્યમંત્રી સિવાય ૧૬ મંત્રી રહેશે.




## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. કિર્તીભાઈ સુખડીયા**



**સ્વ. ચેતનભાઈ સુખડીયા**

જીવન એવું જીવી ગયા કે, ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે, અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ,
આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય...
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના....

**કાલીદાસ વી. પટેલ** (ચેરમેન, ધી. ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ., સે-૨૧)
**પ્રકાશભાઈ રામભાઈ પટેલ** (વાઈસ ચેરમેન, ધી. ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ., સે-૨૧)
**વિરભદ્રસિંહ ડી. વાઘેલા** (શિવમ્ કિરાણા સ્ટોર, સેક્ટર-૨૨)
**રાજેશભાઈ / સંજયભાઈ પટેલ** (રાજેશ કિરાણા સ્ટોર્સ, સેક્ટર-૨૨)
**રવિભાઈ ડી. ચૌધરી** (સેક્ટર-૧૯)
**રમેશભાઈ કે. પટેલ** (R.K.) (સેક્ટર-૮, ગાંધીનગર)
**ગીરીશભાઈ એસ. શાહ** (પાર્શ્વનાથ એન્ટરપ્રાઈઝ, સેક્ટર-૨૨)
**દેવેન્દ્રસિંહ ઉદેસિંહ ગોલ** (વૈદેહી કોર્પોરેશન, વાવોલ)
**રાકેશભાઈ/દિપકભાઈ/ભાવીનભાઈ પટેલ** (કૈલાસ ટ્રેડીંગ કંપની, સેક્ટર-૨૨)
**હરેશભાઈ એ. પટેલ** (ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લી., સે.૧૬)
**પીન્ટુભાઈ શાહ** (એ. કે. ટ્રેડર્સ, સેક્ટર-૨૨)
**સુરેશભાઈ નાયી** (લાલો) (પેથાપુર)

**અશોકભાઈ/રમેશભાઈ/દિપકભાઈ પટેલ** (કે. અશોકકુમાર શ્રોફ, સેક્ટર-૨૨)
**કેતનભાઈ ડી. પટેલ** (વાઈસ ચેરમેન, દૂધ વા. સહકારી મંડળી, સેક્ટર-૨૧)
**જગદીશસિંહ/ધર્મેન્દ્રસિંહ વાઘેલા** (અંબિકા સ્ટોર્સ, સેક્ટર-૨૨)
**ઘનશુ મુલાણી** (દિવ્ય લક્ષ્મી બેકરી, સેક્ટર-૨૨)
**કમલેશભાઈ ઠક્કર/પ્રવિણસિંહ વાઘેલા** (સ્વસ્તિક વાસણ ભંડાર, સેક્ટર-૨૨)
**ભરતભાઈ ટી. જોષી** (અકાલાલ) (સેક્ટર-૨૨)
**કિર્તીભાઈ / જયેશભાઈ સુખડીયા** (બટુક સ્વીટમાર્ટ, સેક્ટર-૨૨)
**કિશોરભાઈ શીવજીભાઈ પટેલ** (શીવ ટીમ્બર, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮)
**જીજ્ઞેશ પટેલ / મનીષ પટેલ** (લક્ષ્મી ટ્રેડર્સ, સેક્ટર-૨૨)
**ગીરીશભાઈ ડી. પટેલ (મગન)** (ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લી., સે.૧૬)
**નયન/દિપકભાઈ નાયી** (ભગવતી હેર આર્ટ, સેક્ટર-૨૨)
**રહીમ મુલતાની** (મુલતાની કોટન વર્ક્સ, સેક્ટર-૨૨)

**તથા સેક્ટર-૨૨નાં વેપારી ભાઈઓ અને કર્મચારીઓ**